## ધોરણ-૮ : પ.શરૂઆત કરીએ (પ્રવૃતિ :-ગઝલ સંગ્રહપોથી બનાવો)

**સંકલન : ગોંડલિયા પુરણ એ.આસિ.શિક્ષક : શ્રી ધરમપુર પ્રા.શાળા-જિ.પોરબંદર**

- અરે પ્રારબ્ધ તો ઘેલુ રહે છે દૂર માંગેતો
  ન માંગે દોડતુ આવે, ન વિશ્વાસે કદી રહેજે - બાલાશંકર કંથારીયા
- જ્યાંજ્યાં નજર મારી ઠરે,યાદી ભરી ત્યાં આપની
  આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની- સુરસિંહજી ગોહેલ 'કલાપી'
- હૃદયમાં એવી રમે છે આશા, ફરીથી એવી બહાર આવે
  તમારી આંખે શરાબ છલકે, અમારી આંખે ખુમાર આવે- શયદા
- જિંદગીનાં રસને પીવામાં જલ્દી કરો "મરીઝ"
  એકતો ઓછી મદિરા છે ને ગળતુ જામ છે.- મરીઝ
- લાખ સૃષ્ટિની સુરાહી નિત્ય છલકાયા કરે
  જિંદગી પીનારની તળિયા વિનાનું જામ છે. -શૂન્ય પાલનપુરી
- છતી થઇ જિંદગી કેવી અગમ-નિગમ બની ગઇ
  ભરેલી મૂઠી જેવી એ નરી ભ્રમણા બની ગઇ- અમૃત 'ઘાયલ.'
- 'બેફામ' તો યે કેટલુ થાકી જવુ પડ્યુ
  (નહીં તો)જીવનનો માર્ગ હતો ઘરથી કબર સુધી - બરકત વિરાણી 'બેફામ'
- હવે તો એવી કબરમાં હું પોઢું
  ,
  ન પૃથ્વી બિછાનું, ન આકાશ ઓઢું- મકરંદ દવે
- જો હૃદયની આગ વધી 'ગની'તો ખુદ ઇશ્વરે જ કૃપા કરી
  કોઇ શ્વાસ બંધ કરી ગયુ કે પવન ન જાય અગન સુધી – ગની દહીંવાલા.
- તારી પાસે પહોંચવાની વાત કોરાણે રહી
  હું જ મારાથી હજુ કેટલેય દૂર છું?- કિશ્મત કુરેશી
- રમતા રમતા લઢી પડે ભૈ, માણસ છે
  હસતા હસતા રડી પડે ભૈ, માણસ છે -ડો જયંત પાઠક
- ભલે ભપકા ભરેલો છું,છતાં આંગાર વેચું છું
  મને નીચો નમાવે એ બધો આભાર વેચુ છું- મનહર મોદી
- પર્વતને નામે પથ્થર, દરિયાને નામે પાણી
  'ઇર્શાદ'આપણે તો ઇશ્વરનાં નામે વાણી- ડો ચીનુ મોદી 'ઇર્શાદ્'

- કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય્
  નિજ ઘરથી નીકળી નદી પાછી નથી વળી- જલન માતરી
- મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઇ ગઇ
  આંગળી જળમાંથી નીકળીને જગા પુરાઇ ગઇ- ઓજસ પાલનપુરી
- આમ તો છું એક પરપોટો સમય નાં હાથમાં
  તોય ઊભો વિશ્વને લેવા હું મારી બાથમાં- રમેશ પારેખ
- ગયો હાથથી છટકી, હવે શું બાંધશે દુનિયા?
  બધાંયે બંધનો ત્યાગી 'અમર' હમણાં જ સૂતો છે- અમર પાલનપુરી
- વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ્'
  અરે એ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે-' આદિલ' મનસુરી
- જ્યાં સુકાવા નાખી એણે ઓઢણી
  લીમડાની ડાળ મીઠી થઇ ગઇ- ડો. અદમ ટંકારવી
- વમળમાં ધસુ છુ ને કેવો હસું છું?
  મને મારી માસૂમ જવાની ગમે છે.- શેખાદમ આબુવાલા
- ન ધરા સુધી ; ન ગગન સુધી ;ન તો ઉન્નતિ કે પતન સુધી;

આપણે તો જવું હતું ,બસ એક મેક ના મન સુધી ગની દહીંવાલા

- ધાન્ય, પાણી, લક્ષ્મીના ઢગલા કરી વહેંચી લીધા,ધર્મ અને ઈમાનના હિસ્સા કરી વહેંચી લીધા,

આખરે કંઈ ના મળ્યું તો બાળકોએ હઠ કરી,મા ભોમની લાશના કટકા કરી વહેંચી લીધા.

(ભારત પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે એક શાયરે લખેલી ગઝલ)

- વધારે હોય પૈસો યાર,તો માણસોને ઊભા કર,

તું ઈશ્વરનાં નવાં મંદિર,નવાં આવાસ રહેવા દે. …………………..હિતેન આનંદપરા

- પ્રેમ આખી જિંદગીનો મર્મ છે,એ વિનાની સર્વ વાતો તર્ક છે………………..હિતેન આનંદપરા

"બેફામ, મારા મૃત્યુ ઉપર સૌ રડે ભલે,

મારા જનમ ઉપર તો ફક્ત હું જ રોઉં છું. ………………બરકર વીરાણી – બેફામ

* * * * * *

*હું હાથને મારા ફેલાવું, તો તારી ખુદાઇ દૂર નથી,*
*હું માંગુ ને તું આપી દે, એ વાત મને મંજુર નથી.*

*શા હાલ થયા છે પ્રેમીના, કહેવાની કશી ય જરૂર નથી,*
*આ હાલ તમારા કહી દેશે, કાં સેંથીમાં સિંદુર નથી?*

*આ આંખ ઉઘાડી હોય છતાં, પામે જ નહીં દર્શન તારા,*
*એ હોય ન હોય બરાબર છે, બેનુર છે એમાં નુર નથી.*

*જે દિલમાં દયાને સ્થાન નથી, ત્યાં વાત ન કર દિલ ખોલીને,*
*એ પાણી વિનાના સાગરની, 'નાઝીર'ને કશી ય જરૂર નથી.*

મનોજ ખંડેરિયા

* * * * * *

એવો "હું" નથી કે જેવો "તું' (ઈશ્વર) છે,

હું .. તું .. તું .. ની રમતમાં તું જ જીતનાર છે.

---

ખુદી કો કર બુલંદ ઇતના કે તેરી હર તકદીર સે પહલે,

ખુદા ખુદ બંદે સે પૂછે કે બોલ તેરી રજા ક્યા હૈ....

જીવનનું પુછતા હો તો જીવન છે ઝેર 'ઘાયલ' નું
છતાં હિંમત જુઓ કે નામ 'અમૃતલાલ' રાખે છે .........................અમૃત ઘાયલ

ઇશ્વરની મૂઠ્ઠીમાંથી જે છટકી ગઇ કદી,
તે તો માણસ નામની જણસ હતી....................... ભગવતીકુમાર શર્મા

થાકી ગયો તો હું કે ચાલી શકત ન હું,
સારુ થયું કે લોક તો ઉંચકી ગયા મને. ................... કૈલાસ પંડિત

પરિચય છે મંદિરમાં દેવોને મારો,અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે;
નથી મારું વ્યક્તિત્વ છાનું કોઇનાથી,તમારા પ્રતાપે બધા ઓળખે છે......... શૂન્ય પાલનપુરી

રડ્યા બેફામ સૌ મારા મરણ પર એ જ કારણથી,
હતો મારો જ એ અવસર, ને મારી હાજરી ન્હોતી............................ બેફામ

થઇ ગયો એક જ ચમત્કારે તું ઇશ્વર,
મને માનવ થતાં બહું વાર લાગી. .......જિગર ટંકારવી

શ્વાસ ખૂટી જાય અને ઈચ્છાઓ બાકી રહી જાય એ મોત છે
અને ઈચ્છાઓ ખૂટી જાય અને શ્વાસ બાકી રહે એ મોક્ષ છે !

* * * * * ** * * ** ** * * * * ** ***********************************************

## કેવાં તમે છો કે તમે સૌને ગમી ગયાં

કેવાં તમે છો કે તમે સૌને ગમી ગયાં,
જગને ઝુકાવનાર પણ તમને નમી ગયાં.

આછી શરમથી આપનાં નયનો નમી ગયાં,
મારી નજરમાં ઈન્દ્રધનુ છમછમી ગયાં.

આકાશ રૂપે આપનો પાલવ મળી ગયો.
આંસુ અમારા તારલા થઈ ટમટમી ગયાં.

આભાર તુજ જુદાઈનો કે એને આશરે,
જીવનના સૌ અભાવના દુ:ખો શમી ગયાં.

સૌ આપના સમા જ છે શમણાં ય આપના,
તે પણ અમારી જિન્દગી સાથે રમી ગયાં.

એ મારી નમ્રતા કે તમારો અહમ હતો,
હું ચૂપ રહું એ જોઈ તમે સમસમી ગયાં.

‘બેતાબ’ અંધકારનો પર્યાય છું, મગર
સૂરજ તમે હતાં છતાંય આથમી ગયાં.

- રિષભ મહેતા ‘બેતાબ’

કેટલા મગરૂર છે બે-ચાર લીલા શ્વાસ પર,
ક્યાં ખબર છે પાનખરનું રાજ છે મધુમાસ પર.

કેટલું કથળી ગયેલું છે કથાનક એમનું,
ટિપ્પણી કરતા રહ્યા જે વિશ્વના ઈતિહાસ પર.

એક કેવળ રણ ન એને સાચવી શકતે કદી,
કેટલાં મૃગજળ ટક્યાં છે એક મારી પ્યાસ પર.

એમને તો મારી હસ્તીની ખબર પણ ના પડી,
હું સતત શ્વસતો રહ્યો છું જેમના અહેસાસ પર.

આપ શું જાણો પ્રતીક્ષા કઈ બલાનું નામ છે ?
કોઈ દિ' તડપ્યા છો મારા આગમનની આશ પર ?

કોઈ દિ' 'બેતાબ' એ સળગી જશે મુજ આહથી,
ખૂબ આવે છે દયા મુજને કબરના ઘાસ પર.

- રિષભ મહેતા 'બેતાબ'

## દર્દ એવું આપજે કે જે કવિતામાં ભળે

દર્દ એવું આપજે કે જે કવિતામાં ભળે,
હું છુપાઈ જાઉં એમાં, તું જગતભરને મળે.

ભીંત સામે વ્યર્થ કાં માથું પછાડો છો તમે ?
ક્યાં કદી ભીંતોના પથ્થરમાંથી પાણી નીકળે.

તું કરે મારા વગરની જિંદગીની કલ્પના,
ને મને તારા વગરની કલ્પના પણ ના મળે.

એટલે આંસુ ગણી એને લૂછી શકતો નથી,
એ તમારાં સ્વપ્ન જે આંખોમાં આવી ઝળહળે.

માનવું કે એ નથી અજવાળું કિન્તુ આગ છે,
કો શમા 'બેતાબ' જ્યારે બેઉ છેડેથી બળે.

- રિષભ મહેતા 'બેતાબ'

## પ્યાર ઝળહળ છે : ઠગારી ઝંખના મારી હતી

પ્યાર ઝળહળ છે : ઠગારી ઝંખના મારી હતી,
આગ આખર નીકળી જે જ્યોત મેં ધારી હતી.

એક અંગત વાત જીવનભર ન તમને કહી શક્યો,
જે મને નડતી રહી તે હાજરી મારી હતી.

શું કરે આ એકલી આંખો બિચારી તું કહે,
માત્ર આંસુઓ જ નો'તા યાદ પણ તારી હતી.

મારું મન જાણે હતું પનઘટ પ્રણયના દર્દનો,
યાદ તારી જાણે ભીંજાયેલ પનિહારી હતી.

એ મિલનની ચંદ ઘડીઓ જે સુખી લાગી હતી,
આજ જાણ્યું તે જ અમને દર્દ દેનારી હતી.

લોક સાચા પ્રેમ રૂપે જેને બિરદાવે છે, તે,
ના તને છોડી શક્યાની મારી લાચારી હતી.

ઓ મરણ ! તું આવ, પણ મારું થઈને આવ ના,
જિંદગી પણ ના રહી જે એક દિ' મારી હતી.

પ્રાણ લેવા વ્યર્થ કાં 'બેતાબ' તું આવો થયો,
પ્રાણ ધરવા પ્રેમમાં મારી જ તૈયારી હતી.

- રિષભ મહેતા 'બેતાબ'

## કેટલા મગરૂર છે બે-ચાર લીલા શ્વાસ પર

કેટલા મગરૂર છે બે-ચાર લીલા શ્વાસ પર,
ક્યાં ખબર છે પાનખરનું રાજ છે મધુમાસ પર.

કેટલું કથળી ગયેલું છે કથાનક એમનું,
ટિપ્પણી કરતા રહ્યા જે વિશ્વના ઈતિહાસ પર.

એક કેવળ રણ ન એને સાચવી શકતે કદી,
કેટલાં મૃગજળ ટક્યાં છે એક મારી પ્યાસ પર.

એમને તો મારી હસ્તીની ખબર પણ ના પડી,
હું સતત શ્વસતો રહ્યો છું જેમના અહેસાસ પર.

આપ શું જાણો પ્રતીક્ષા કઈ બલાનું નામ છે ?
કોઈ દિ' તડપ્યા છો મારા આગમનની આશ પર ?

કોઈ દિ' 'બેતાબ' એ સળગી જશે મુજ આહથી,
ખૂબ આવે છે દયા મુજને કબરના ઘાસ પર.

-રિષભ મહેતા 'બેતાબ'

## તું ગઝલની ક્ષણ રૂપે મળતી રહે

તું ગઝલની ક્ષણ રૂપે મળતી રહે,
દર્દના કારણ રૂપે મળતી રહે.

શ્વાસમાં ખૂશ્બૂ ભરીને નીકળું,
ને મને તું રણ રૂપે મળતી રહે.

સૌ સંબંધોએ તરછોડ્યો મને,
લાગણી સગપણ રૂપે મળતી રહે.

હું અનાયસે ઉગેલો સૂર્ય છું,
તું મને પ્રાંગણ રૂપે મળતી રહે.

ભીડ પણ ‘બેતાબ’ આ તનહાઈમાં,
એક પ્યારા જણ રૂપે મળતી રહે.

- રિષભ મહેતા ‘બેતાબ’

## ભીડમાં ચહેરો તમારો શોધતો

ભીડમાં ચહેરો તમારો શોધતો,
પથ્થરોમાં જાણે પારો શોધતો.

જે જગાએ તું મને મૂકી ગયો,
તે જગામાં સ્પર્શ તારો શોધતો.

તું જુએ તો હું ય ગુલમ્હોરી ઊઠું,
માત્ર હું તારો ઈશારો શોધતો.

હું ડૂબી જવા ચહું તુજમાં અને,
તું સદા મારો કિનારો શોધતો.

તું બધા શબ્દોની પેલે પાર, ને,
હું ગઝલમાં અર્થ તારો શોધતો.

મેં મને ‘બેતાબ’ ખોયો એ રીતે,
કે મને હું એકધારો શોધતો.

- રિષભ મહેતા ‘બેતાબ’

## રણના હૃદયમાં ઝાંકવાનું મન થયું હતું

રણના હૃદયમાં ઝાંકવાનું મન થયું હતું,
મૃગજળ તમામ ચાખવાનું મન થયું હતું.

લક્ષ્મણને શી ખબર કે રેખા દોરવાથી શું ?
મૃગને જ્યાં હૈયે ચાંપવાનું મન થયું હતું.

આ તારા સ્મરણ-પુષ્પના સૌગંદ છે મને,
આ મ્હેંકને મહેંકાવવાનું મન થયું હતું.

આકાશને ય કાશ એની થઈ જતે ખબર,
સૂરજને રાત રાખવાનું મન થયું હતું.

એ ઠીક કે 'બેતાબ' રાશ આવ્યો અંધકાર,
નહિંતર સૂરજને બાળવાનું મન થયું હતું.

- રિષભ મહેતા 'બેતાબ'

## પ્રશ્ન એવો પૂછજે જેનો જવાબ આપી શકું

પ્રશ્ન એવો પૂછજે જેનો જવાબ આપી શકું,
નાની સરખી નોંધથી માંડી કિતાબ આપી શકું.

કંટકો વચ્ચે સજાવી છે મેં મારી જાતને,
એટલા માટે કે હું તમને ગુલાબ આપી શકું.

ક્યાં ખબર છે બંધ કે ઊઘડતી સિલ્લક કેટલી ?
પૂરેપૂરો શી રીતે મારો હિસાબ આપી શકું ?

કેટલા વેરાન ચ્હેરા છે ફૂલોના બાગમાં –
કેવી રીતે કોઈના કરમાં હું છાબ આપી શકું ?

એક એવો ચ્હેરો જે 'બેતાબ' ગમતો ના મને,
કાશ ! દુનિયાની કુરૂપતાને નકાબ આપી શકું !

- રિષભ મહેતા 'બેતાબ'

## કોણ છે જે આંખને નીંદર તો દે, સુવા ન દે

કોણ છે જે આંખને નીંદર તો દે, સુવા ન દે,
રોજ સુરજ લઈને આવે ને છતાં ઉષા ન દે.

કમ-સે-કમ લાલાશ તો દઈ દે તું ઢળતા સૂર્યની,
હું નથી કહેતો કે મારે આંગણે સંધ્યા ન દે.

ચાલતા રહેવાની હિંમત આપતા તો હોય છે,
લોક કિન્તુ મંઝિલે પહોંચી જવા રસ્તા ન દે.

એક તરફ આંખ કે જેને જગત નાનું પડે,
એક તરફ આંખનો અહેસાસ જે જોવા ન દે.

એટલું અંતર રહે તદબીર ને તકદીરમાં,
એક પ્યાલો છલછલાવે ને બીજું પીવા ન દે.

દર્દને નિસ્બત ફક્ત અશ્રુથી ક્યાં 'બેતાબ' છે ?
કંઈક એવા પણ મળ્યા છે દર્દ જે રોવા ન દે.

- રિષભ મહેતા 'બેતાબ'

* * * * * ****************************************

વતનની ધૂળના એક્કેક કણને સાચવજો,
ને આરપાર આ વિસ્તરતા રણને સાચવજો.

હવાને, બાગને,વહેતા ઝરણને સાચવજો,
ને હેમખેમ આ વાતાવરણને સાચવજો.

યુગોના ભારેલા અગ્નિની રાખ ખંખેરી
સમયના ચોકમાં એકેક ક્ષણને સાચવજો.

બધુ જ ખૂંપી રહ્યું છે ક્ષણે ક્ષણે ઊંડે,
તમારો પગ ન પડે ત્યાં કળણને સાચવજો.

બધા એક યુગલમાંથી જન્મ તો પામ્યા,
કુટુંબમાં હવે અંતિમ મરણને સાચવજો.

ક્યહીં ન હાથથી છટકીને આપને વાગે,
હવામાં ઉંચે ઉગામેલા ઘણને સાચવજો.

આ દુનિયા જાય જહન્નમમાં તો જવા દેજો,
કોઈના નામના પ્રાતઃસ્મરણને સાચવજો.

બીજા બધાને ઉપરવાળો સાચવી લેશે,
બની શકે તો તમે એક જણને સાચવજો.

'કશો જ અર્થ નથી' કહેવું એ નિરર્થક છે,
આ ભૂંડી ભાષાના પોપટરટણને સાચવજો.

તિમિરને તેજના મિશ્રણ ઉપર બધો આધાર,
સિતારા ચાંદ ને સૂરજકિરણને સાચવજો.

વતનની ધૂળ વિખેરાઈ જાય તે પહેલાં,
વતનની ધૂળના સૌ સંસ્મરણને સાચવજો.

દબાઈ જાય ના કીડીના કાફલા 'આદિલ',
વિજયની કૂચમાં ધસમસ ચરણને સાચવજો. **-આદિલ મન્સૂરી**

## વચ્ચે આવશે.

લાગણીને આમ ના વિસ્તાર વચ્ચે આવશે,
આપણા હોવાપણાનો ભાર વચ્ચે આવશે.

કાન મીંચી મૌનનાં ખંડેરમાં બેઠા પછી,
સૂક્ષ્મતમથી સૂક્ષ્મતમ ઉદગાર વચ્ચે આવશે.

આ સડકની સામસામે આપણું હોવું અને,
સાયકલ, રીક્ષા, ખટારા, કાર- વચ્ચે આવશે.

આંગણુ સંબંધનું કોરું રહી જાશે અગર,
એક દિ વરસાદ મૂશળધાર વચ્ચે આવશે.

વચ્ચેની દિવાલ કેવી પારદર્શક છે હજી !
પણ સમય વિત્યે સમયનો ક્ષાર વચ્ચે આવશે.

માર્ગનાં અંતે હશે એક બારણું, પણ તે પ્રથમ
ઝંખનાનો ભૂખરો વિસ્તાર વચ્ચે આવશે.

તું બધું છોડીને ચાલી તો નીકળ પહેલા, પછી
ડગલે ને પગલે ભર્યા ભંડાર વચ્ચે આવશે.

કોના કોના આંગળાની છાપ છે ગરદન ઉપર,
દોસ્તોના નામ વારંવાર વચ્ચે આવશે.

આ ગઝલના આયનાઘરમાં કદમ મૂકો અને
ગુર્જરી સોળે સજી શણગાર વચ્ચે આવશે.

આ ગઝલ 'આદિલ' હ્રદય સોંસરવી ઉતરી જાય, પણ
પંડિતોને પાઘડીનો ભાર વચ્ચે આવશે. - **આદિલ મન્સૂરી**

*****************************************************

ઓળંગી જા,

લખચોર્યાસી ઈચ્છાઓના ઢગલાને ઓળંગી જા,
ઘટનાનાં પહેલા મૃત્યુની ઘટનાને ઓળંગી જા.

એક જ પગલામાં સાતે દરિયાને ઓળંગી જા,
વચ્ચે જો શંકા આવે તો શંકાને ઓળંગી જા.

પાંપણ ઢાળી દેવાની આ ઈચ્છાને ઓળંગી જા,
હે ઊંઘણશી! જાગ, ઊભો થા, સપનાંને ઓળંગી જા.

સોનેરી હરણાની જેમ જ માયા છે સીમાઓ પણ,
સંકલ્પોનાં વેગે લક્ષ્મણરેખાને ઓળંગી જા.

‘જે કાંઈ દેખાય રહ્યું તે માયા છે, કેવળ માયા !’
આવું કહેવું પણ માયા છે, માયાને ઓળંગી જા.

આખ્ખું યે બ્રહ્માંડ તો એની ઈચ્છાનું એક ટપકું છે,
થાય તને પણ જો ઈચ્છા તો ટપકાને ઓળંગી જા.

આ કાંઠે તો અવઢવનાં મોજાંઓ ઉછાળા મારે પણ,
સાંભળવી જો હોય બંસરી, જમનાને ઓળંગી જા.

બત્તી લાલ થતાં ધસમસતાં વાહન થંભ્યા જો!
ચાલ, હવે આ ખાબળખૂબળ રસ્તાને ઓળંગી જા. **-આદિલ મન્સૂરી**

*********************************************************

હા, એજ ગામ એજ હા, પાદર તને મળે,
ધૂળે ભરેલ શેરીનું એક ઘર તને મળે.

એકલતા વચ્ચે મૌનનું જે દર તને મળે,
એમાં જ કોઈ શબ્દનો અવસર તને મળે.

દિવસો ગયા કે પીઠની પાછળનાં ઘા ગણો,
છાતી જરા ઉઘાડ કે ખંજર તને મળે.

જેની સભાને ત્યાગીને તું નીકળી ગયો,
કાબાનાં બારણામાં એ કાફર તને મળે.

કંટક છવાયેલી રહી જીવન સફર ભલે,
મૃત્યુ પછી તો ફુલની ચાદર તને મળે,

પત્થર મૂક્યો છે એટલે ‘આદિલ’ કબર ઉપર,
દુનિયા તરફથી આખરી ઠોકર તને મળે. **-આદિલ મન્સૂરી**

# માવતર એ જ મંદીર

જીવતા માબાપ ને સ્નેહ થી સાંભળશો ,

ગુમાવ્યા પછી ગીતાજી સાંભળવા નો શું અર્થ ?

સાથે બેસી જમવા ની ઈચ્છા એમની પ્રેમ થી પુરી કરો ,

પછી ગામ આખા ને લાડવા જમાડવા નો શું અર્થ .?

વહાલ ની વર્ષા કરનારા ને વહાલ થી ભીજવી દેજો ,

ચીર વિદાય પછી આંસુ સારવા નો શું અર્થ ?

ઘર માં બેઠેલા માબાપ રૂપી ભગવાન ને ઓળખી લેજો ,

પછી અડસઠ તીર્થ ફરવા નો શું અર્થ ?

સમય કાઢી વૃદ્ધ વડલા પડખે બેસી લેજો ,

પછી બેસણા માં ફોટા સામે બેસવા – બેસાડવા નો શું અર્થ ?

લાડકોડ પૂરનારા માબાપ ને સદાય હૈયે રાખજો ,

પછી દીવાન ખંડ માં તસ્વીર રાખવા નો શું અર્થ ?

હયાતી માં જ હૈયું એમનું ઠારી સેવા નું સુખ આપજો ,

પછી ગંગાજળ માં અસ્થી પધરાવવા નો શું અર્થ ?

'માવતર એ જ મંદિર' એ સનાતન સમજી રાખજો ,

પછી' રામ નામ સત્ય છે' બોલવા નો શું અર્થ ?

*******************************************
*

## શબ્દો કબીર-વડની માફક – મનોજ ખંડેરિયા

ઘરમાં ઊભા જડની માફક
દર્પણની એક તડની માફક

ડાળ બટકતી જોયા કરીએ
સમય ઊભો છે થડની માફક

હું જ મને અથડાતો રહેતો
ઘરમાં છું સાંકડની માફક

આડેધડ ઊગી નીકળ્યા છે
સ્મરણો તારાં ખડની માફક

મારી ધરતી પર ફેલાયા
શબ્દો કબીર-વડની માફક - મનોજ ખંડેરિયા

* ********************** * * * * *

પર્વતને નામે પથ્થર દરિયાને નામે પાણી,
'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને નામે વાણી.

આંસુ ઉપર આ કોના નખની થઈ નિશાની ?
ઈચ્છાને હાથ-પગ છે એ વાત આજે જાણી.

આ શ્વાસની રમતમાં હારી ગયો છું તો પણ,
મારા ઘરે પધારો ઓ ગંજીપાની રાણી.

ક્યારેક કાચ સામે ક્યારેક સાચ સામે,
થાકી જવાનું કાયમ તલવાર તાણી-તાણી.

થાકી જવાનું કાયમ તલવાર તાણી-તાણી,
'ઈર્શાદ' આપણે તો ઈશ્વરને નામે વાણી. - ચિનુ મોદી 'ઈર્શાદ'

* * ** * * * * * * * ** ******

છે ઘણાં એવા કે જેઓ યુગને પલટાવી ગયા
પણ બહુ ઓછા છે જેઓ પ્રેમમાં ફાવી ગયા.

દુર્દશા જેવું હતું કિંતુ સમજ નો’તી મને,
દોસ્તો આવ્યા અને આવીને સમજાવી ગયા.

હું વીતેલા દિવસો પર એક નજર કરતો હતો,
યાદ કંઈ આવ્યું નહીં – પણ આંસુઓ આવી ગયાં.

મેં લખેલો દઈ ગયા – પોતે લખેલો લઈ ગયા,
છે હજી સંબંધ કે એ પત્ર બદલાવી ગયા.

‘સૈફ’ આ તાજી કબર પર નામ તો મારું જ છે,
પણ ઉતાવળમાં આ લોકો કોને દફનાવી ગયા! - **સૈફ પાલનપૂરી**

*** ** ** *

માર્ગ મળશે -- ગની દહીંવાલા

માર્ગ મળશે હે હ્રદય તો મૂંઝવણનું શું થશે
ધાર કે મંજિલ મળી ગઈ તો ચરણનું શું થશે

હાય રે ઝાકળની મજબૂરી રડ્યું ઉદ્યાનમાં
ના વિચાર્યું રમ્ય આ વાતાવરણનું શું થશે

કંઈ દલીલો ના કરો અપરાધીઓ ઈશ્વર કને
આપણે થાશું સફળ તો દેવગણનું શું થશે

જૂઠી તો જૂઠી જ આશે જીવવા દેજો મને
ઝૂઝવા મૃગજળ જતાં રે’શે તો રણનું શું થશે

જ્યાં સમજ આવી તો હું પ્રથમ બોલ્યો ગની
આજથી નિર્દોષ તારા બાળપણનું શું થશે